CC 1575/16

# –:: ચુકાદો :–

(૧) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમઃ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૪૨૭ તથા એમ.વી.એકટની કલમઃ૧૭૭, ૧૩૪(બી) મુજબનાં ગુનાનું તહોમત મુકેલ છે.
(૨) આરોપી આજ રોજ કોર્ટ સમક્ષ હાજર થતાં કોર્ટ રુબરુ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલ પુરી પાડી તેઓની સામેનાં ગુના સબબ પ્લી રેકર્ડ કરવામાં આવતાં આરોપીએ સ્વેચ્છાપૂર્વક સમજી વિચારીને લેખીત કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ કરી પોતાનો આ પ્રથમ ગુનો હોઈ, સામાજીક, આર્થિક સ્થિતિ નબળી હોઈ, પરીવારનાં ભરણપોષણનો આધાર હોઈ રહેમ કરવા રજુઆત કરેલ છે.
(૩) આરોપી પોતે કબુલાત કરવા માટે બંધાયેલા નથી અને ગુનાની કબુલાત તેમની સાથે ઉપયોગમાં લઈ શકાશે તેવી સમજ કરવા છતાંયે તેઓ સ્વેચ્છાપુર્વક ગુનો કબુલતા હોઈ તેઓની કબુલાત ધ્યાને લેતાતેમજ નાઉગુજરાત હાઈકોર્ટનાં સ્ટેટ વિ.નટવર હરચંદ ઠાકોર ૨૦૦૫ જી.એલ.આર. પેજ નં.૭૦૯ નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા આરોપીને હળવી સજા કરી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતું જળવાય તેમ હોઈ ન્યાયનાં હીત માં નીચે મુજબનો હુકમ કરું છું.

## હુ ક મ

આ કામનાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯, ૩૩૭, તથા એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪બી ના ગુના માટે તકસીરવાન ઠરાવી આરોપીને ઈ.પી.કો. કલમ ૨૭૯ના ગુના માટે રુપીયા ૫૦૦/– (અંકે રુપીયા પાંચસો પુરા) દંડ, દંડ ન ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા તથા ઈ.પી.કો.ક.૩૩૭ ના ગુના માટે રુપીયા.૨૫૦/– (અંકે રુ.બસો પચાસ પુરા/– ) દંડ, દંડ ન ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા તથા ઈ.પી.કો.ક.૩૩૮ ના ગુના માટે રુપીયા............./– દંડ, દંડ ન ભરે દિન...... ની સાદી કેદની સજા તથા ઈ.પીી..કો.ક.૪૨૭ના ગુના માટે રુપીયા ........./– .દંડ, દંડ ન ભરે તો દિન....... ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. આરોપીને એમ.વી.એ.કલમ ૧ ૭૭, ૧૮૪,ના ગુના માટે અલગ દંડ કરવામા આવતો નથી. કુલ રુ.૭૫૦/– દંડ ભરવો.

મુદામાલ વાહન જો જમા લીધેલ હોય તો સદર વાહનની ઓળખ કરી પરત કરવું.

આજ રોજ તા.૧૩મી જુલાઈ સને ૨૦૧૯ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યુ

અમદાવાદ
તા.૧૩/૭/૧૯

(બી. એચ.ઘાસુરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૭, અમદાવાદ